જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૫/૨૦૧૭ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૨૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૧૭૨ લીટર દેશી દારૂ, ૧૬૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬ બીયરટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૩૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## દુષ્પ્રેરણની ફરીયાદ :- સમાચાર યાદી નં.૯૩૧/૧૭

**વસ્ત્રાપુર** : મીનાક્ષીબેન તે અરવિંદભાઇ શાહ ની વિધવા પત્ની (ઉ.વ.૬૪)(રહે,ચિત્રકુટ ટ્વીન્સ રેજન્સી ટાવરની બાજુમાં નેહરૂપાર્ક) એ તા.૦૨/૫/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૧/૨૦૦૭ થી તા.૨૯/૦૪/૨૦૧૭ સુધીનાં સમયગાળા દરમ્યાન મીનાક્ષીબેનની દિકરી મૌનવીબેન નાઓને આરોપી (૧) પતિ: નીરજભાઈ કનૈયાલાલ શાહ (૨) સાસુ: અરૂણાબેન કનૈયાલાલ શાહ (૩) સસરા: કનૈયાલાલ શાહ (૪) નીપા બહેન D/O કનૈયાલાલ હીરાલાલ શાહ (તમામ રહે, શ્રેયાંસનાથ સોસાયટી વિભાગ-૨ ધરણીધરની પાછળ વાસણા) ભેગામળી શારીરીક અને માનશીક ત્રાસ આપતાં, ત્રાસ સહન નહીં કરી શકતા અને મરવા માટેનું દુષ્પ્રેરણ કરતા, તા.૨૯/૪/૧૭ કલાક ૯/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન બેડરૂમના પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એસ.નાયક ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૯૩૨/૧૭**

**કાલુપુર** : દિલીપકુમાર મગનલાલ સગતાણી (ઉ.વ.૫૦)(રહે,નવદુર્ગા સોસાયટી નરોડા પાટિયા) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૬/૧૬ થી તા.૧/૪/૧૭ સુધીના સમયગાળા દરમ્યાનમાં આરોપી (૧) કિશનભાઇ સુંદરદાસ વાધવાણી અને (૨) વિજયભાઇ સુંદરદાસ વાધવાણી (બંને રહે, ઇંગ્લીશ સી.જી.સ્કૂલની બાજુમાં સરદારનગર) દિલીપકુમારની કાલુપુર રેવડી બજાર હરીઓમ એ.સી.માર્કેટમાં, ભોયરામા દુકાન નં.૪૨૫ માં આવેલ મેક્ષવેલ કોએશન નામની દુકાનમાંથી ઉધારીમાં કાપડના માલ ખરીદી કરી, તે પેટે ચુકવવાનાં બાકી નિકળતા આશરે કુલ રૂપીયા ૧૯,૧૪,૦૦૦/- દિલીપકુમાર ને નહીં ચુકવી, દિલીપકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રોહિતસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.

**ઓઢવ** : સતીષકુમાર સેવકલાલ મોદી (ઉ.વ.૪૧)(રહે,રબારી વસાહત મહાકાળી મંદિરની પાસે ગીરીકુંજ સોસાયટીની સામે ઓઢવ) એ તા.૨/૫/૧૭ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૪/૨૦૧૨ થી તા.૨૫/૦૭/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન તેજેન્દ્ર કોમ્પલેક્ષના પહેલા માળે આવેલ ઓફીસ નં.એ/૧૧ માં આવેલ શ્રી ખેતેશ્વર અર્બન કો-ઓપરેટીવ સોસાયટી લીમીટેડ ઓઢવ ખાતે આરોપી (૧) વિક્રમસિહ રામસિહ રાજપુરોહીત (૨) રાજવીરસિહ રામસિહ રાજપુરોહીત (૩) શેતાનસિહ રામસિહ રાજપુરોહીત (૪)યુધિષ્ઠીરસિંહ શેતાનસિહ રાજપુરોહીત (તમામ રહે,હાઉસિંગ બોર્ડ કોલોની શિરોહી તથા શિવશક્તિ કોમ્લેક્ષ સેકન્ડ ફલોર રાજસ્થાન) (૫) ચેતનકુમાર ડાહ્યાભાઇ જોષી (રહે,કૈલાશ મંદિરની સામે બેહરકુપા પાલનપુર) (૬) નીલમબેન દવે (રહે,અંબિકાનગર ટેનામેન્ટ જશપાર્ક સોસાયટીની સામે ઇસનપુર) (૭)વિકાસ રાણા (રહે,ઘાંસીરામની પોળ સારંગપુર) ભેગામળી સતીષકુમારને તેઓની સંસ્થામાં મુડી રોકાણ કરવાથી વધુ વ્યાજ મળશે તેવી લાલચ આપી, મુડી રોકાણના નાણા વ્યાજ સહીત લેવાના થતા કુલ રૂપીયા ૧૨,૪૮,૦૭૩/- સતીષકુમારને પરત નહીં ચુકવી, તેઓની સંસ્થા બંધ કરી નાસી જઇ, સતીષકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મુકેશસિહ જગરૂપસિહ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૯૩૩/૧૭**

**ઘાટલોડીયા** : સુમીતભાઇ રતીલાલ પ્રજાપતિ (રહે.ગાયત્રી એપાર્ટમેન્ટ, ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૫/૧૭ સાંજના ૫/૩૦ થી તા.૦૨/૫/૧૭ નાં કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાનાં મકાનનાં પાછળના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાનાં દાગીના કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મત્તાનાં ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એલ.જોષી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૯૩૪/૧૭</u>**

**વેજલપુર** : મોહંમદહનીફભાઇ ડોસુભાઇ શેખ (ઉ.વ.૬૦)(રહે, “ઇ” વોર્ડ સંકલીતનગર જુહાપુરા)એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૫/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાનાં સુમારે જુહાપુરા ચાર રસ્તા છીપા સોસાયટી સામે રોડ ઉપરથી પોતાની પત્ની અખતરૂનીશાન (ઉ.વ.૫૫) રોડ ક્રોસ કરતાં હતા દરમ્યાન એક છોટા હાથી લોડીંગ નંબર જીજે.૦૭.વાય.ઝેડ.૩૮૫૧ નાં ચાલકે છોટા હાથી વાહન પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી, અખતરૂનીશાન ને ટક્કર મારી રોડ પર પાડી દેતાં, તેમને માથામાં અને હાથે ગંભીર ઇજાઓ થતાં, સારવાર માટે હોસ્પીટલ લઇ જતા ડોકટર શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વણઝારા ચલાવે છે.

**<u>ધાબા ઉપરથી પડી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૯૩૫/૧૭</u>**

**રામોલ** : રાઘવભાઈ નાનજીભાઈ પ્રજાપતિ (ઉ.વ.૬૮)(રહે,સહજાનંદ સોસાયટી, પુજા વિધ્યાલય સામે બરોડા એક્ષપ્રેસ હાઈવે સી.ટી.એમ.) નાઓ તા.૩૦/૦૪/૧૭ ના કોઈપણ સમયે રામોલ પુજા વિધાલય પાસે આવેલ મોદી પાર્લરના ધાબા ઉપર કામ કરતા આકસ્મીક રીતે નીચે પડી જતાં, માથાનાં પાછળના ભાગે ઇજા થતાં, સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા.જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૫/૧૭ ના કલાક ૧૦/૧૦ વાગે રાઘવભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી શૈલેષભાઈ રણછોડભાઈ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૩૬/૧૭</u>**

**રીવરફ્રન્ટ વેસ્ટ** : કમલેશભાઇ બાબુભાઇ પરમાર (ઉ.વ.૨૦)(રહે,ખોડીયારનગર, અંજાણની ચાલી રિવરફ્રંટની બાજુમા દાણીલીમડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૧/૦૫/૧૭ રાતના ૯/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીમાં પૂર્વ તરફના છેડે રેમ્પ નંબર-૪૦ પાસે નદીનાં પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિનાયક લક્ષ્મણ ચલાવે છે.

**રીવરફ્રન્ટ ઇસ્ટ (૧)** : ગોવિંદભાઇ સદાશિવભાઇ પટેલ (ઉ.વ.૫૫)(રહે,ઘોડાસર સોનુ પાર્ક નિગમ સોસાયટી ઇસનપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૨/૦૫/૧૭ બપોરના ૩/૪૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે ગાંધીબ્રીજ નીચે રિવરફ્રન્ટ વોક-વે નજીક નદીનાં પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોતીભાઇ તળજાભાઇ ચલાવે છે

**રીવરફ્રન્ટ ઇસ્ટ (૨)** : પ્રવિણભાઇ હમીરભાઇ સત્રાડીયા (ઉ.વ.૩૮)(રહે,શ્રી ગણેશનગર રાણીપ ક્રોસ રોડ નવા વાડજ નારણપુરા) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૨/૦૫/૧૭ સાંજના ૬/૧૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સુભાષબ્રીજ નીચે સાબરમતી નદીનાં પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ અરખાભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**કૃષ્ણનગર** : ઉષાબેન વા/ઓ ભવાનસિંહ રાઠોડ (રહે,નવકાર ફ્લેટ પા.ટા.શીપ નવા નરોડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૬/૪/૧૭ સાંજના ૬/૧૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન રેડી, દિવાસળી ચાંપી સળગી જતાં, સારવાર માટે તેમને કર્ણાવતી હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨/૫/૧૭ ના કલાક ૧૨/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

**નારણપુરા** : જીગ્નેશભાઈ પંકજભાઈ પટેલ (ઉ.વ.૩૫)(રહે,પાર્થ ડુપ્લેક્ષ અંકુર ચાર રસ્તા પાસે, નારણપુરા) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૨/૦૫/૧૭ ના કલાક ૧૨/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઈ હિરાભાઈ ચલાવે છે.

**રામોલ** : પ્રવિણભાઇ વાલજીભાઇ પંચાલ (ઉ.વ.૪૭)(રહે,ન્યુ ઉમિયાદેવી સોસાયટી, મુર્તી માર્કેટ હાટકેશ્વર ખોખરા) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૨/૦૫/૧૭ બપોરના ૧/૨૦ વાગ્યાનાં સુમારે રામોલ શેડ-નં-૭૫ વ્રુન્દાવન એસ્ટેટ રામોલ ટોલનાકા પાસે કોલસાની ફેકટરીમાં દવા પી લેતાં, સારવાર માટે તેમને એલ.જી. હોસ્પીટલ લઇ જતાં ફરજ પરનાં ડોકટર શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશકુમાર મણીલાલ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)